રસ્તા, પુલો તથા મકાનો બાંધકામની
વિગતો તથા સ્પેસીફીકેશન અંગેના બોર્ડ
કામના સ્થળ ઉપર મુકવા બાબત
જાહેર હિસાબ સમિતિની ભલામણ

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ–પાર્ટ ફાઈલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૫/૦૩/૨૦૧૧

સંદર્ભ :– ૧. જા.બાં.વિ. નો પરિપત્ર ક્રમાંક : બીડીઝી–૩૨૭૭–(૧૯૫)–ન, તા.૨૬–૦૪–૧૯૭૮.
૨. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૨૭–૧૧–૯૦.
૩. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૧૮–૧૧–૯૧.
૪. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૨૨–૦૭–૯૮.
૫. મુખ્ય ઈજનેરશ્રી(ગુ.ની.) અને અધિકસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રક્ર ગુની/જન/૪૮૪/૧૦, તા.૨૮–૧૦–૨૦૧૦.
૬. જાહેર હિસાબ સમિતિની તા. ૦૪–૦૧–૨૦૧૧ ની બેઠક.

## પરિપત્ર

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવો/પરિપત્રથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતુ બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચે મુકવાની સુચના આપવામાં આવેલ છે. તા.૧૮–૧૧–૯૧ ના ઠરાવ અનુસાર આ બોર્ડ મુકવાની શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવા પણ ઠરાવ કરાવામાં આવેલ છે.

૨. તા.૦૪–૦૧–૨૦૧૧ ના રોજ યોજાયેલ જાહેર હિસાબ સમિતીની બેઠકમાં સુચવ્યા પ્રમાણે તેમજ સંદર્ભીત–૫ ના પત્રથી ગુજરાત તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલ નીચે મુજબની ભલામણોનો પણ ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) જાહેર બાંધકામો (ખાસ કરીને રૂ.પાંચ લાખથી વધુ કિંમત) ના કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતા બોર્ડ મુકવા જરૂરી છે.

(૨) આવા બોર્ડ ઈજારદારશ્રીના ખર્ચે લગાવવાની જોગવાઈ ટેન્ડરમાં રાખવામાં આવે.

(૩) આ બોર્ડમાં કામને સંબંધિત કાર્યપાલક ઈજનેરનું સરનામુ, ફોન નંબર, ફેકસ નંબર અને કામ શરૂ થવાની તારીખ, કામ પુર્ણ થવાની તારીખ, ઈજારદારશ્રીનીં નામ, તકલીફ હોયતો કોને મળવું તેની વિગતો સહિત તમામ વિગતોને સમાવેશ કરવો.

(૪) ઈજારદારશ્રી નિયત સ્થળે બોર્ડ લગાવીને ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને કાર્યપાલ ઈજનેરશ્રીની જાણ હેઠળ ન કરે ત્યાં સુધી હંગામી ધોરણે અમુક રકમ (૦.૨૫ થી ૧% જેટલી) રોકી રાખવાની કરારમાં જોગવાઈ કરવી.

(૫) મકાન જેવા સીમીત ક્ષેત્રફળ માટે એક બોર્ડ મુકવું જરૂરી છે, જયારે રસ્તા, પુલો, પાણીની પાઈપલાઈન, ગટર લાઈન, કેનાલ વિગેરે કામોમાં લંબાઈનો વ્યાપ વધુ હોય ત્યારે આવા કામોમાં એક કરતાં વધુ બોર્ડ (જનતાની અવરજવર વધુ હોય ત્યાં તેમજ બંને છેડા પર અને વચ્ચે) ટ્રાફીક સલામતીને ધ્યાને રાખી, બોર્ડ મુકવાની જોગવાઈ કરારમાં કરવી.

(૬) જાહેર બાંધકામ હાથ ધરતી તમામ સંસ્થાઓ ઉપરોકત ભલામણોનો અમલ કરે.

કાર્યપાલક ઈજનેરશ્રીએ કાળજી રાખવાની રહેશે.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.પો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ.
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ/ પંચાયત મા.મ. વર્તુળ/ નેશનલ હાઈવે વર્તુળ/ એકસપ્રેસ વે વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ અને વિદ્યુત (મા.મ.) વર્તુળ
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ ઉપરોકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો
સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત), મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે બોર્ડ / નિગમો,
સિલેકટ ફાઈલ–૨૦૧૧.